For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મણીપુરની કંપનીએ સુરતના પાંચ ભંગારવાળાના નામે બોગસ આઇટીસી પાસ કરી

# 2000 કરોડના ITC કૌભાંડમાં સુરતમાં દરોડા

**પાંચેક** જેટલા સ્ક્રેપ ડીલર્સ ડીજીજીઆઈની વરૂણીમાં

**ભંગારવાળામાં** દોડધામ, તપાસ અધિકારીઓ પણ મૂંઝવણમાં

સુરતઃ સુરતના વ્યાપાર જગતમાં જીએસટી ચોરી અને બોગસ બિલિંગને લગતો અત્યાર સુધીનો સૌથી મોટો અને ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. સુરતના અંદાજે પાંચ જેટલા સ્ક્રેપ ડીલર્સના ખાતામાં અચાનક અધધ રૂ. ૨૦૦૦ કરોડની માતબર રકમની ઈનપુટ ટેક્સ ક્રેડિટ (આઈટીસી) જમા થઈ જતાં સેન્ટ્રલ જીએસટી ઈન્ટેલિજન્સ વિંગમાં હડકંપ મચી ગયો છે. ડાયરેક્ટરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ (ડીજીજીઆઈ) વડોદરા અને સુરત ...અનુસંધાન પાના 5 પર

## મણીપુરની કંપનીએ સુરતના પાંચ ભંગારવાળાના નામે બોગસ આઇટીસી પાસ કરી

**મુખ્ય તથ્યો**

1. સુરતના 5 સ્ક્રેપ ડીલર વરુણીમાં
2. અચાનક 2000 કરોડની આઇટીસી જમા
3. DGGIની તપાસ શરુ




**તપાસના ફોકસ પોઈન્ટ્સ**

1. પાનકાર્ડ અને GST નંબરનો દુરુપયોગ
2. આંતરાજ્ય બોગસ નેટવર્કની તપાસ
3. કૌભાંડના સૂત્રધારને શોધવા મથામણ

**પાનકાર્ડ અને જીએસટી નંબરનો દુરુપયોગ થયાની આશંકા**

આ કેસમાં મોટા પાયે પાનકાર્ડ અને જીએસટી નંબરનો દુરુપયોગ થયો હોવાની અધિકારીઓને આશંકા છે. મણીપુરની બોગસ કંપનીએ સુરતના ભંગારવાળાના ...અનુસંધાન પાના 5 પર

### આઈટીસીનો અત્યાર સુધીનો સૌથી મોટો કેસ

સૂત્રોએ જણાવ્યું કે, રૂપિયા 2000 કરોડની આઈટીસી પાસઓન થવી એ નાનીસૂની વાત નથી. ખૂબ મોટા કોર્પોરેટ હાઉસ હોય તેમાં પણ આટલી મોટી રકમની આઈટીસી પાસઓન થતી નથી. આ કેસમાં મણીપુરની કંપનીએ આઈટીસી પાસઓન કરી છે. સુરતના ભંગારવાળા આવી કોઈ કંપનીને ઓળખતા ન હોવાનું જણાવી રહ્યાં છે, ત્યારે અધિકારીઓ હવે મણીપુરની કંપની પર ફોકસ કર્યું છે. આ કંપનીનું નામ સરનામું પણ ખોટું હોવાની આશંકા છે.

### વડોદરા બોલાવી સ્ક્રેપ ડીલર્સની પૂછપરછ

આટલી મોટી માત્રામાં બોગસ આઈટીસી જનરેટ કરીને સુરતના વેપારીઓના માધ્યમથી સરકારી તિજોરીને ચૂનો લગાવનાર મુખ્ય સૂત્રધાર કે બોગસ કંપની કોણ છે, તેનું પગેરું મેળવવા માટે તપાસ એજન્સીઓએ ચક્રો ગતિમાન ...અનુસંધાન પાના 5 પર

### આ રીતે ઇનપુટ ટેક્સ ક્રેડિટ બને છે

ઉદાહરણ તરીકે ઉત્પાદક (Manufacturer) રૂ. ૧,૦૦૦ નો કાચો માલ ખરીદે છે અને તેના પર ૧૮% લેખે રૂ. ૧૮૦ GST સપ્લાયરને ચૂકવે છે. આ રૂ. ૧૮૦ ઉત્પાદક માટે 'ઇનપુટ ટેક્સ' (ITC) બને છે.

# ઘરકંકાસનો અંજામ: પુણામાં માતા અને પુત્રીનો ફાંસો ખાઈ આપઘાત



**મૂળ** યુપીના વતની અવધેશ શ્રીવાસ્તવ અને પુત્ર આનંદ નોકરીએ ગયા ત્યારે માતા-પુત્રીનું અંતિમ પગલું

**કહે** છે કે રૂમમાં સાથે રહેતા પરિચિતના માતા સાથે સંબંધના નામે ઝઘડા થતા હતા

સુરતઃ ઘરકંકાસને કારણે પુણામાં માતા અને 19 વર્ષીય ...અનુસંધાન પાના 5 પર

### દોઢ વર્ષથી ઘરમાં સાથે રહેતા પરિચિત હિમાંશુ સિંહના રહસ્યમય રીતે ગાયબ થવાથી અનેક સવાલો

પરિવારના 19 વર્ષીય પુત્ર આનંદે જણાવ્યું હતું કે, દોઢ વર્ષ અગાઉ તેમના ગામના ઘરની સામે રહેતા પરિચિત હિમાંશુ સિંહ (45 વર્ષ) રોજગારીની શોધમાં સુરત આવ્યા હતા. ત્યારથી તેઓ તેમના પરિવાર સાથે જ રહેતા હતા. માતા-પુત્રીના આપઘાતની ઘટના બાદથી હિમાંશુ સિંહ પણ ગાયબ છે અને તેમનો મોબાઈલ ફોન બંધ આવી ...અનુસંધાન પાના 5 પર

### હિમાંશુ સાથેના સંબંધની ચર્ચા વચ્ચે પતિ-પત્ની વચ્ચે ઝઘડા થતા હોવાની વાત

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા મુજબ, હિમાંશુ સિંહ પરિવાર સાથે રહેવા લાગ્યા બાદ અવધેશ શ્રીવાસ્તવ અને તેમની પત્ની જાસાદેવી વચ્ચે અવારનવાર ઝઘડા ...અનુસંધાન પાના 5 પર

### આખો દિવસ સોશિયલ મીડિયામાં શંકા, પુત્રનું પણ નિવેદન શંકાસ્પદ

માતા-પુત્રીના મોતને લઈને આખો દિવસ સોશિયલ મીડિયામાં તેમના મોત શંકાસ્પદ હોવાની ચર્ચા ચાલી હતી. દરમિયાન મૃતકના પુત્ર આનંદે મીડિયા કર્મીઓ સમક્ષ ...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

વરાછાના ઈસ્કોન મંદિરમાં જન્માષ્ટમીની ઉજવણી માટે તૈયારી.

**'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી'નો જયઘોષ ગૂંજશે**

# આજે સુરત બની જશે 'નંદ ઘર', જામશે કાનાની 'ધૂમ'

**શહેરભરનાં** કૃષ્ણ મંદિરો સહિતનાં દેવાલયોમાં વિશેષ તૈયારીઓ

**સગરામપુરા** મીની ડાકોર જંગલ થિમ પર શણગાર કરાયો

**જહાંગીરપુરા** ઈસ્કોન મંદિર સગરામપુરાના મીની ડાકોરમાં જંગલ થિમ પર શણગાર

સુરતઃ જન્માષ્ટમી એટલે કૃષ્ણભક્તિનો મહાસાગર, હૃદયમાં ઉમટતો આનંદ અને ચારેય તરફ ગૂંજતો 'નંદ ઘેર આનંદ ભયો, ...અનુસંધાન પાના 5 પર

### આજે રાતના 12 વાગ્યાની આતુરતાથી રાહ જોવાશે

કૃષ્ણ જન્મોત્સવની તૈયારીઓ તો ઘણાં દિવસથી ચાલી રહી છે, અને એ દિવસ આજે આવી ગયો હોય, રાતના 12 વાગ્યાની સૌ ભક્તો આતુરતાથી રાહ જોશે. જેમ જેમ રાત ઘેરી બનશે, તેમ તેમ ઉત્સાહનો આ મહાસાગર વધુ ઘેરો બનશે. મધ્યરાત્રિએ બરાબર 12 વાગે જ્યારે કાન્હાનો જન્મ થશે, ત્યારે આરતીના નાદ, ઝાલરોના રણકાર અને ભક્તોના હર્ષનાદ સાથે આખી સુરતનગરી કૃષ્ણ જન્મોત્સવના આહલાદક માહોલમાં લીન થઈ જશે.

### કેળના પાનથી લઈ માખણ, મિસરી સહિતની પ્રસાદીની ખરીદી માટે ભીડ જામી

જન્માષ્ટમીના પવિત્ર દિવસે ઘર તેમજ દુકાનો બહાર કેળના પાન બાંધવાની પ્રથા રહી હોય, આજે ઢળતી સાંજે શહેરભરમાં કેળના પાનની ખરીદી કરતાં લોકો જોવા મળ્યા હતા. તો બીજી તરફ લાલાને માખણ ભાવે રે, લાલાને મીસરી ભાવે રે, જેમ વ્હાલાના આગમન સાથે પ્રસાદી મુકવા માટે તેમને ભાવતું માખણ અને મીસરી સહિતની વસ્તુઓ ખરીદવા લોકોની ભીડ દુકાનો પર જોવા મળી હતી.

# ભગવાન કૃષ્ણના વાઘા-ડેકોરેશન માટે 25 કરોડનો ખર્ચ, 7 કરોડની મૂર્તિઓ વેચાઈ ગઈ

**સુરતમાંથી** જ આખા દેશમાં રેડિમેઈડ વાઘાઓની ભારે માંગ રહી, નાની પ્રતિમા પણ સુરતથી દેશભરમાં મોકલાઈ

સુરત : ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમીની આવતીકાલે શુક્રવારે ઉજવણી થવા જઈ રહી છે ત્યારે સુરતના ટેક્સટાઇલ માર્કેટમાં ભગવાન શ્રીકૃષ્ણના વાઘા, વસ્ત્રો, વિશેષ કાપડ અને ડેકોરેશનની વસ્તુઓનો વેપાર ખૂબ સારો રહ્યો હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. સુરતમાં તૈયાર થતી વિવિધ ડિઝાઇનની કૃષ્ણ ભગવાનની પોશાક સામગ્રી દેશભરના કૃષ્ણ મંદિરો ઉપરાંત ઘરેલું ઉજવણી માટે પણ મોકલવામાં આવી છે.

ફોસ્ટાના માજી ડિરેક્ટર અને ...અનુસંધાન પાના 5 પર

# ભાગળની મટકી માટે 61 હજાર ઈનામ, મોરાભાગળની મટકી માટે 1.25 લાખ

**આજે** સુરતમાં 35 હજાર ગોવિંદા દ્વારા 8 હજાર મટકી ફોડાશે

**પાલમાં** મહિલા મંડળ મટકી ફોડવામાં જોડાશે, મહિલા મંડળને 25 હજારનું ઈનામ મળશે

સુરતઃ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવના વધામણા સ્વરૂપે ઉજવાતા જન્માષ્ટમી પર્વને લઈને સુરત શહેરમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. સુરત શહેર ગોવિંદા ઉત્સવ સમિતિ દ્વારા 5 સપ્ટેમ્બરના રોજ સાંજે 4.30 કલાકે ભાગળ ચાર રસ્તા ખાતે ભવ્ય મુખ્ય મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરમાં કુલ 145 ગોવિંદા મંડળોને પરમીટ આપવામાં આવી છે.

સમિતિના પ્રમુખ ગણેશભાઈ પી. સાવંતે અખબારી યાદીમાં જણાવ્યું છે કે સાંજે 5 વાગ્યે જય ભવાની સ્પોર્ટ્સ ક્લબ મહિલા મંડળ તથા આર.કે. સ્પોર્ટ્સ ક્લબ મહિલા ...અનુસંધાન પાના 5 પર

USમાં વિટામિન સીના નામે ઘાતક ઓપિયોઈડ ફેન્ટાઈલ બનાવવા માટે

# USમાં કેમિકલની તસ્કરીમાં સુરતના ભાવેશ લાઠિયાને 4.5 વર્ષની સજા

**સુરતની** 'રેક્સુટર કેમિકલ'નો માલિક ભાવેશ લાઠિયાએ 50 પાઉન્ડથી વધુ વજનના કેમિકલ યુએસમાં સ્મગલિંગ કર્યા હતા

**લાઠિયાની** જાન્યુ., 2025માં ન્યુયોર્કમાંથી ધરપકડ કરવામાં આવી હતી, લાઠિયાને 23 લાખનો દંડ પણ કરાયો છે



નવી દિલ્હીઃ અમેરિકામાં ઘાતક ઓપિયોઈડ ફેન્ટાનાઈલ બનાવવા માટે વપરાતા કેમિકલની તસ્કરી કરવા બદલ ગુજરાતના 37 વર્ષીય શખસ ભાવેશ રણછોડભાઈ લાઠિયાને 54 મહિના (આશરે સાડાચાર વર્ષ) ની જેલની સજા ફટકારવામાં આવી છે. લાઠિયાએ આ કેમિકલને દેશમાં ઘૂસાડવા માટે વિટામિન સી અને એન્ટાસિડની ગોળીઓનું રૂપ આપ્યું હતું.

યુએસ એટર્ની ઓફિસ ઓફ ધ ઈસ્ટર્ન ડિસ્ટ્રિક્ટ ઓફ ન્યુયોર્કની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, ન્યુયોર્ક સિટીના બ્રુકલિનની ફેડરલ કોર્ટમાં યુએસ ડિસ્ટ્રિક્ટ જજ પામેલા કે ચેન દ્વારા બુધવારે ભાવેશ રણછોડભાઈ લાઠિયા (જે ભાવેશ ભાઈ, ભાવેશ પટેલ અને ભાવેશ લાઠિયા તરીકે પણ ઓળખાય છે)ને સજા સંભળાવવામાં આવી હતી. સુરતના વતની લાઠિયાને માર્ચ 2031માં સજા પૂરી થયા બાદ દેશનિકાલ કરવામાં આવશે. તેમને 24,560 યુએસ ડોલર (લગભગ રૂ. 23 લાખ)ની રકમ જપ્ત કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

ભાવેશ લાઠિયા સુરત સ્થિત ફર્મ 'રેક્સુટર કેમિકલ્સ'ના સ્થાપક અને ...અનુસંધાન પાના 5 પર

# હવે વેસુમાં વડાપાંઉમાંથી સડેલું બટાકું નીકળ્યું, ગ્રાહકે વિડીયો વાઈરલ કર્યો

**વેસુમાં** લક્ષ્મી બોમ્બે વડાપાંઉની લારી પર સડેલા બટાકા બાબતે ગ્રાહકે વિરોધ કરી વિડીયો ઉતારી લીધો



સુરતઃ સુરતમાં દિવસેને દિવસે ખાણીપીણી બાબતે નાગરિકોમાં જાગૃતિ વધી રહી છે. તાજેતરમાં વેસુ વિસ્તારમાં આવેલા શોપિંગ વર્લ્ડ પાસે 'લક્ષ્મી બોમ્બે વડાપાઉં'ની લારી પર વડાપાઉં ખાવા આવેલા એક યુવકને પોતાના વડાપાઉંમાંથી સડેલું બટાકું મળી આવ્યું હતું. આ જોતાં જ યુવકે તાત્કાલિક સ્થળ પર જ વિરોધ નોંધાવી સમગ્ર ઘટનાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે ચર્ચા જાગી છે.

હાલના સમયમાં સુરતના નાગરિકો પોતાના સ્વાસ્થ્ય અને ખાણીપીણીની ગુણવત્તા પ્રત્યે અત્યંત જાગૃત બન્યા છે. હોટલ, રેસ્ટોરન્ટ ...અનુસંધાન પાના 5 પર

# જેલમાં રહીને પણ ભણાવે છે 'કેદી શિક્ષકો'



**જીવનમાં** આવેલા ઝંઝાવાતે જેલમાં મોકલી દીધા, પરંતુ આ કેદીઓ અન્ય કેદીઓના જીવનમાં ઉજાસ પાથરી રહ્યા છે

સુરતઃ જીવનમાં અચાનક આવી ચડતો ઝંઝાવાત બધું ખેદાન-મેદાન કરી નાખે, તો તમે શું કરો? હિમ્મત હારી જાવ? આત્મહત્યા કરો? કે પછી આખા સમાજ અને સિસ્ટમને ...અનુસંધાન પાના 5 પર



**કેદીઓને શિક્ષણ મળે તે માટે અમે જેલમાં જ સ્માર્ટ ક્લાસ રૂમ પણ બનાવ્યો છેઃ જેલ પીઆઈ પ્રશાંત**

સુરતની લાજપોર જેલ આજે માત્ર કેદીઓ માટે સજા કાપવાનું સ્થાન નથી રહ્યું. બલ્કે જીવનને થાળે પાડવા ઇચ્છતા કેદીઓ માટે શિક્ષાધામની ગરજ પણ સારી રહી છે. અહીં સંજોગોવશાત માનસિક તણાવમાં રહેતા કેદીઓનું કાઉન્સિલિંગ કરીને એમને ...અનુસંધાન પાના 5 પર

### શરૂઆતમાં હું ડિપ્રેશનમાં રહ્યો પરંતુ બાદમાં મારો શિક્ષક આત્મા જાગી ગયો: હસમુખ લક્કડ



લાજપોર જેલમાં સજા કાપી રહેલા હસમુખ લક્કડ પોતે એક શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પણ તેમની પર પોક્સો એક્ટ લાગ્યો અને તેમને ચાર વર્ષની સજા થઈ હતી. હસમુખ કહે છે કે, શરૂઆતના દિવસો બહુ ડિપ્રેશનમાં ગયા. સમય વીતતા સમજાયું કે જેલમાં ઘણા કેદી એવા છે જે સંજોગોનો શિકાર ...અનુસંધાન પાના 5 પર

### પ્રીતમે જેલમાં જ અભ્યાસ કરી બીએની ડિગ્રી મેળવી અને હવે અન્ય કેદીને ભણાવી રહ્યો છે



લાજપોર જેલમાં સજા કાપતા મૂળ ઉત્તરપ્રદેશના ઝાંસીના વતની પ્રીતમ કેવટ બાળકના અપહરણ પ્રકરણમાં સજા કાપી ...અનુસંધાન પાના 5 પર

### પ્રેમીની પુત્રીની હત્યા કરનાર રાજવીએ નક્કી કર્યું કે અન્ય મહિલાઓને સશક્ત કરું



લાજપોર જેલમાં આજીવન કેદની સજા કાપી રહેલા રાજવીનું જીવન આટાપાટા જેવું છે. મૂળ સુરતની રાજવીએ ઉચ્ચ અભ્યાસ કરીને ...અનુસંધાન પાના 5 પર






## સુરત મહાનગરપાલિકા
## વ્યવસાયવેરા કરદાતાઓ જોગ

FIT INDIA

સુરત શહેર હદ વિસ્તારમાં વ્યવસાય કરતા ઈ.સી.કરદાતાઓ માટે વર્ષ ૨૦૨૬-૨૭ નો વ્યવસાયવેરો ભરપાઈ કરવાની અંતિમ તા.૩૦-૦૯-૨૦૨૬ છે. જેથી કરદાતાઓની સરળતા ખાતર વ્યવસાયવેરાના નાણાં સ્વીકારવાની કામગીરી માહે સપ્ટેમ્બર-૨૦૨૬ દરમ્યાન રવિવાર તથા તા.૨૫-૦૯-૨૦૨૬ અનંત ચૌદશની જાહેર રજા સિવાય તમામ જાહેર રજાના દિવસોએ સવારે ૧૦:૩૦ થી બપોરે ૩:૩૦ કલાક દરમ્યાન ચાલુ રહેશે.

ઉપરોક્ત સમય દરમ્યાન કરદાતાઓના વ્યવસાયવેરા ઈ.સી./આર.સી. ઉપરાંત મિલ્કતવેરાના નાણાં પણ સ્વીકારવામાં આવશે. જેનો લાભ લેવા કરદાતાઓને જણાવવામાં આવે છે.

સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ''www.suratmunicipal.gov.in'' માં લોગઈન કરી ઈ-પેમેન્ટ કરી શકશો.

પીઆરઓ નં./૨૧૬/૨૦૨૬-૨૭ ડે.કમિશનર

તા.03/૦૯/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા


**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦


**પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ**



સ્વ. દેવજીભાઇ લક્ષ્મણભાઇ આહિર
સ્વ. તા. ૪/૯/૨૦૨૫, ગુરુવાર

'પરીશ્રમ ભરેલું જીવન જીવી સુખ સહુને આપી ગયા દુઃખને દેખાડયું નહીં અને જીવનભર મહેનત કરી આપે દુઃખના દરિયા વેઠી કુટુંબને સુખના સાગરમાં તરતા મૂકી ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારી પ્રાર્થના.'

ગં.સ્વ. ચંચળબેન દેવજીભાઇ આહિર (પત્ની)
મનિષભાઇ દેવજીભાઇ આહિર (પુત્ર) વિભુતિબેન મનિષભાઇ આહિર
કમલેશભાઇ દેવજીભાઇ આહિર (પુત્ર) કિરણબેન કમલેશભાઇ આહિર
ઉર્વશીબેન રાજીવભાઇ આહિર (પુત્રી) રાજીવભાઇ ગોવિંદભાઇ આહિર
ધર્મિષ્ઠાબેન દીનેશભાઇ આહિર (પુત્રી) દીનેશભાઇ નાગરભાઇ આહિર
નેહાબેન મિહિરભાઇ આહિર (દોસ્ટર) બારડોલી
રિયાન કમલેશભાઇ આહિર (પૌત્ર)
નિધિ મનિષભાઇ આહિર (પૌત્રી)

**ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**




સ્વ. અનિલભાઈ રમણભાઈ પટેલ
સ્વ. તા. ૦૫-૦૯-૨૦૨૨

'પિતા વિના આદર કોણ કરે, વર્ષા વિના સાગર કોણ ભરે, રામ વિના દુઃખ કોણ હરે, તુલસી વિના ધીરજ કોણ ધરે.'' પરિશ્રમ ભરેલુ જીવન જીવી પરિવારને સુખસાગરમાં તરતા મૂકી ગયા. તમારા જવાથી અમારા જીવનમાં પડેલા ખાલીપાને સમય પણ ભરવા અસમર્થ છે. તમે ગયા પણ તમારી યાદ અમારા હૃદયમાં જીવંત છે. પ્રભુ તમારા અત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રભુને પ્રાર્થના.

લિ.
અનિતાબેન અનિલભાઈ પટેલ
નિલય અનિલભાઈ પટેલ
રિચા નિલય પટેલ
ડો. રૂજલ અનિલભાઈ પટેલ

**દુઃખદ અવસાન**



સ્વ. ભીખુભાઈ ખડુંભાઈ નાયક
સ્વ. તા. ૨૯/૦૮/૨૦૨૬

અમારા આત્મીય સ્નેહી **શ્રી ભીખુભાઈ ખડુંભાઈ નાયક**નું દુઃખદ અવસાન તા. ૨૯-૦૮-૨૦૨૬ના રોજ સુરત ખાતે થયું છે. સદગતની ઈચ્છાને માન આપી, તેમની પ્રાર્થનાસભા/બેસણું રાખવામાં આવેલ નથી. આથી સૌ સ્નેહીજનો, મિત્રો અને સંબંધીઓને સ્વગૃહેથી સદગતના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવા વિનંતી...

લિ.
ગં.સ્વ. મંજુલાબેન ભીખુભાઈ નાયક (પત્ની)
હિમાંશુ ભીખુભાઈ - નેહલ હિમાંશુભાઈ (પુત્ર - પુત્રવધૂ)
અલખ હિમાંશુભાઈ (પૌત્ર)
બેલા જયપ્રકાશભાઈ - કુશદેવ - દેવર્ષિ પારસભાઈ (પુત્રી પરિવાર)
વૈશાલી - શ્રીપદભાઈ - ઈશાન (પુત્રી પરિવાર)
ગં.સ્વ. ભારતીબેન સુમંતરાય નાયક (ભાભી)
પરિમલ સુમંતરાય નાયક (ભત્રીજા) - પ્રશાંત સુમંતરાય નાયક (ભત્રીજા)
ગં.સ્વ. ઈન્દુબેન રમણલાલ નાયક (બહેન)
અસ્મિતા (ભાણેજ)
કૈલાશ (ભાણેજ)